ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૪-૨૦૧૫, સોમવાર

તંત્રી સ્થાનેથી....

મેરા રંગ દે બસંતી ચોલા...

બૈસાખી તરીકે ઓળખાતું ઉત્તર ભારતનું પર્વ અંગ્રેજી કેલેન્ડરના ૧૩ એપ્રિલના દિવસે ઉજવાતું રહ્યું છે. પંજાબ માટે એ નવા વરસની શરુઆત જેવો ઉત્સવ છે. મૂળે રવિ ફસલની લણણી પછી આવનાર આ ઉત્સવ આપણા વસંતોત્સવ જેવો જ પ્રસંગ છે. ઇતિહાસનાં પૃષ્ઠો પર આ બૈસાખીનો દિવસ જરા નોખી રીતે અંકાયેલો છે. અમૃતસરના સુવર્ણ મંદિર નજીક આવેલા જલિયાંવાલા બાગમાં બૈસાખી નિમિત્તે મેળવી બ્રિટીશ રાજ સામે પડેલા આઝાદીના લડવૈયાઓની સભા પર જનરલ ડાયરે નાકાબંધી કરીને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. નિઃશસ્ત્ર નાગરિકો ઉપર થયેલ આ અત્યાચારમાં હજારો લોકો માર્યા ગયા હતા. જીવ બચાવવા બાગમાં આવેલા કૂવામાં પડતું મૂકનાર લોકોને પણ અંગ્રેજના સિપાઇઓએ છોડ્યા નહોતા. આ ઘટના પછી ભારતની સ્વાતંત્ર્ય ચળવળને નવો વેગ સાંપડ્યો હતો. લાલા લજપતરાય જેવા લોકપ્રિય નેતાનું મૃત્યુ થતાં તેનો બદલો લેવા માટે પંજાબના નવલોહિયા જવાનો મેદાને પડ્યાં હતા. નિર્દોષ જનસમુદાય પર બેરહમીપૂર્વક ત્રાટકનાર જનરલ ડાયરને અને અંગ્રેજ હાકેમોને હિંસાની જ ભાષામાં જવાબ આપનાર ઉધમસિંહ અને ભગતસિંહ - રાજગુરુ - સુખદેવ જેવા શહીદોને યાદ કરવાનો આ દિવસ છે. વિશ્વમાં આટલી મોટી સંખ્યામાં નિર્દોષ અને નિઃશસ્ત્ર નાગરિકો પર અત્યાચારની આવી ઘટના અન્યત્ર ક્યાંક બની હશે કે કેમ એ પ્રશ્ન છે. હિટલરે એની નાઝી હકૂમત દરમિયાન યહૂદીઓની કત્લેઆમ ચલાવી એ ઘટના તો વર્ષો પછી બની હતી. મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ ચાલી રહેલી સ્વાતંત્ર્ય ચળવળમાં સૌથી મોટું બલિદાન પંજાબે આપ્યું હતું. એનું વેર વાળનારા નવલોહિયા જુવાનિયાઓને ફાંસીએ લટકવું પડ્યું હતું. ગુરુદેવ ટાગોરે એમને બ્રિટીશ રાજ તરફથી મળેલી 'સર'નો ઇલકાબ પાછો વાળીને દેશવાસીઓને પીડાનો પડઘો પાડ્યો હતો. જલિયાંવાલા બાગમાં આજે પણ અંગ્રેજ શાસનના અત્યાચારોનાં એ નિસાન અકબંધ છે. બાગ આખો રાષ્ટ્રીય સ્મારકમાં ફેરવાઇ ગયો છે અને એક અર્થમાં તે સ્વાતંત્ર્ય સંગ્રામનું પવિત્ર તીર્થ બની રહેલ છે. આજે પણ એ વીર શહિદોને આંસુભરી અંજલી આપીને એમણે નિહાળેલા ભવ્ય ભારતવર્ષની દિવ્ય કલ્પના સાકાર કરવાની પ્રતિજ્ઞા લઇએ.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી શ્રી હેમુ ગઢવી સ્મૃતિ સંસ્થાપન અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગુજરાતના દંતકથારૂપ ગાયક શ્રી હેમુ ગઢવીની પુણ્યતિથિના સુવર્ણ જયંતિ વર્ષની ઉજવણી અન્વયે પથિકાશ્રમ પાર્ટી પ્લોટ ખાતે શનિવારે રાત્રે 'હેમુ વરણી સાંજ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓડિયો વિઝ્યુઅલના માધ્યમ વડે હેમુ ગઢવીની સર્જન યાત્રાની ઝાંખી કરાવતા ગુજરાતની લોક સંસ્કૃતિને ઉજાગર કરતાં આ બહુપરિમાણિય કાર્યક્રમમાં રાસ, ગરબા, રાસડાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ સંગીતસભર કાર્યક્રમની વિશેષતા એ હતી કે શ્રી હેમુ ગઢવીના લોકગીતોની મૂળ શૈલીમાં જ યુવા ગાયક કલાકારો બિહારી હેમુ ગઢવી, જીતુ કવિ 'દાદ', નિતિન દેવકા, આદિત્ય યોગેશ ગઢવી, ગાર્ગી વોરા, નિધિ ધોળકિયાએ રજૂઆત કરી હતી. લોકગીતો અને ભજનોની મૂળ શૈલીમાં પ્રસ્તુતિએ હાજર શ્રોતાઓએ સૌરાષ્ટ્રની ભૂમિનું તાદેશ્ય કરાવી દીધુ હતુ. વરસાદી માહોલ વચ્ચે ઠંડકની મસ્તીમાં યોજાયેલ આ સુરીલા સૂરને સફળ બનાવવામાં સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ગાંધીનગરે સિંહ ફાળો આપ્યો હતો. જ્યારે પથિકાશ્રમ પાર્ટી પ્લોટના અંબુજી ગોલે પુરા સાથ સહકાર આપ્યા હતા. સમગ્ર બહુપરિમાણીય કાર્યક્રમમાં સર્વશ્રી પરષોત્તમભાઈ રૂપાલા (રાષ્ટ્રીય ઉપપ્રમુખશ્રી ભાજપ, અધ્યક્ષશ્રી હેમુ ગઢવી સ્વર્ણીમ સ્મૃતિપર્વ ઉજવણી કમીટી, શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, અધ્યક્ષશ્રી ગુજરાત રાજ્ય પવિત્ર યાત્રાધામ બોર્ડ, શ્રી યોગેશભાઈ ગઢવી અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા શહેરમાં અવાર-નવાર કાઠિયાવાડ-સૌરાષ્ટ્રના જીવન ઝાંખી કરાવતા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ દ્વારા સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ દ્વારા THE UNASSAILABLE સ્પર્ધાઓ યોજાઈ હતી. સ્પર્ધામાં ૭૦ સંસ્થાઓમાંથી એક હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમમાં વેસ્ટ મેનેજમેન્ટ અને ક્લીનલેશ થીમ પર પ્લેશમેન્ટ બ્રોશરનું વિમોચન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં બી. ચતુર્વેદિ વિભુતિ ભટ્ટ, કડી વિદ્યાલયના ડી.ટી. કાપડિયા, એસ.કે. મંત્રાલા, ડૉ. ભાવિન પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

નિસર્ગના ખોળામાં સાયન્સ ટેલેન્ટ વર્કશોપનું આયોજન : દસ દિવસ યોજાશે

વેકેશનમાં વિદ્યાર્થીઓ માટે સેક્ટર-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે વર્કશોપનું આયોજન કરાયું : વિજ્ઞાનલક્ષી પ્રયોગો બતાવી જ્ઞાન આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૨

વર્ષ દરમિયાન વિજ્ઞાનલક્ષી પ્રયોગો શિખવાડતી નિસર્ગ સાયન્સ સેન્ટર સમર વેકેશનમાં સાયન્સ ટેલેન્ટ વર્કશોપ યોજાશે. દસ દિવસીય વર્કશોપમાં બાળકોને વિવિધ મોડેલ બનાવતા શિખવાડવામાં આવશે. વેકેશનનો સદઉપયોગ કરી જીવનમાં ઉપયોગી પ્રયોગો શીખવા બાળકોને જણાવ્યું છે.

સેક્ટર-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે ઉનાળુ વેકેશનમાં સાયન્સ ટેલેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વેકેશનમાં આગામી ૬ મે થી ૧૭ મે દરમિયાન સેક્ટર-૨૩ નિસર્ગ સાયન્સ ટેલેન્ટ, બ્લોક નં. ૬૧/૧ ઘ-ટાઈપ ખાતે યોજાશે. સવારે ૭ થી બપોરના ૧૨ વાગ્યા સુધી યોજાનાર વર્કશોપમાં શિવાંગ પટેલ, હાર્દિક મકવાણા દ્વારા તાલીમ આપવામાં આવશે.

બાળકોને મોડેલ રોકેટરીમાં કાર્ડ પેપર, ચાર્ટ પેપરનો ઉપયોગ સિંગલ સ્ટેજ રોકેટ, પેરાશુટ બનાવતા, એરોમોડેલીંગમાં વાયુદળના અલગ-અલગ ફાઈટર પ્લેન, વસંત, ગ્રીષ્મા, મીરાજ, બનાવતા, ટેનગ્રામમાં ૩૦૦ જેટલી વિવિધ આકૃતિઓ બનાવતા શિખવાડાશે. ટેનગ્રામ એ જાપાનીઝ વર્કશોપ છે. ભૌતિક આકારો બનાવી ગણિતના કોયડા ઉકેલવામાં મદદરૂપ થાય તેવુ આકૃતિઓ બનાવતા શિખવાડાશે.

વિવિધ કાગળોમાંથી ફૂલો, પ્રાણીઓ, ફ્લાવરવાસ, ઓરીગામી વર્કશોપ દ્વારા બનાવાશે. દિવાસળી અને સાયકલની વાલ ટ્યુબની મદદથી ટુડી અને થ્રીડી મેચસ્ટીક મોડેલ બનાવતા તેમજ સાયન્સ મેજીકનું જ્ઞાન મેજીક વર્કશોપમાં આપવામાં આવશે. જેમાં અંધશ્રદ્ધા નિવારણના પ્રયોગો બતાવી ઢોંગી ધૂતારાઓના ધૂતને ખુલ્લા પાડતા પ્રયોગો બતાવી જાગૃતિ લાવવામાં આવશે.

દિવસે દિવસે બાયોટેકનોલોજીનું મહત્વ વધતુ જાય છે. બાયોટેકનોલોજી દ્વારા ફળમાંથી ડીએનએ છુટુ પાડવા સહિતની પ્રક્રિયાઓ કરવામાં આવશે. વર્કશોપ દરમિયાન બાળકોને કેમેસ્ટ્રી, ફિઝીક્સ, બાયોલોજી પર વક્તવ્ય આપવામાં આવશે. વર્કશોપમાં જોડાવા માટે સંસ્થા ખાતે સંપર્ક કરવા તેમજ ૨૩૨-૩૫૨૧૫ પર જાણકારી મેળવવા જણાવ્યુ છે.

દલિત મંચ દ્વારા હિન્દુ ધર્મના કોયડા ગ્રંથ પર વક્તવ્ય યોજાશે

દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે ડૉ. આંબેડકરના 'હિન્દુ ધર્મના કોયડા' ગ્રંથ વિશે જાણીતા કવિ,વિવેચક, લેખક અને કર્મશીલ હરીશ મંગલમનું વક્તવ્ય તા. ૧૩-૪-૨૦૧૫ના રોજ ડૉ. આંબેડકર ભવન, સેક્ટર-૧૨ ખાતે સાંજના ૬ થી ૭.૩૦ કલાકે યોજાશે. નગરના સાહિત્યકારોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યુ છે.

શબ્દાયન સંસ્થાનું મહા અધિવેશન

ગુરૂ બ્રાહ્મણ સમાજ સંચાલિત 'શબ્દાયન' સંસ્થાનું પ્રથમ મહા અધિવેશન યોજાશે. આગામી તા. ૨૫, ૨૬ એપ્રિલ શનિવાર અને રવિવારના રોજ સંત શિરોમણી ત્રિકમ સાહેબની ગુરૂ જાગીર મુ-ચિત્રોડ તા. રાપર વાગડ ખાતે યોજાશે. અધિવેશનમાં ભાગ લેવા ઈચ્છુકોમાટે ગાંધીનગરથી બસની સુવિધા કરવામાં આવી છે. તેમજ સ્વ ખર્ચેજવા ઈચ્છુકોએ તા. ૨૨ એપ્રિલ સુધી નિકુંજ વૈશ્યક-૯૪૨૭૬૦૭૮૨૪, સુરેશ રત્નોત્તર-૯૪૨૮૧૧૧૨૯૩, રમણ શ્રીમાળી-૯૮૭૯૪૫૬૫૧૭નોસંપર્ક કરવા જણાવ્યુ છે.

વણકર સમાજનો ૬ઠ્ઠો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

અમદાવાદ વણકર સેવા સમાજનો ૬ઠ્ઠો જીવનસાથી પસંદગી મેળો યોજાશે. સમગ્ર ગુજરાતના ગોળ પરગણા યુવક યુવતિઓ માટે પસંદગી મેળો યોજાશે. પસંદગી મેળામાં લગ્નોત્સુક, પુનઃલગ્નોત્સુક, શારિરીક અપંગતા ધરાવતા, વિધવા, વિધુર યુવક-યુવતિઓને ભાગ લેવા ગાંધીનગર સ્થિત સંસ્થાના સભ્ય ડી.એમ. પરમાર પ્લોટ નં. ૫૪૦/૨, સે-૭-બી ખાતે સંપર્ક કરવા જણાવ્યું છે.

સે-૩૦માં રાજયોગ શિબિર સપ્તાહ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

વર્તમાન જગતમાં વધતી જતી દુઃખ, અશાંતિ અને માનસિક તાણમાંથી જનમાનસને ઉગારવાની અને જીવનના સાચા સુખ અને શાંતિની શોધમાં છે અને એ પણ સર્વવિદિત છે કે જયારે આશાનું કોઈ જ કિરણ ન દેખાય ત્યારે આપણી નજર ઉપરવાળા, ભગવાન તરફ જાય છે. અને હાલમાં ચાલી રહેલ કળીયુગના અંતના અને સતયુગના આદિના સમયમાં સ્વય પરમપિતા શિવ પરમાત્મા પ્રજાપિતા બ્રહ્માના માનવીય તનમાં દિવ્ય અવતરણ કરી મનુષ્યને સાચુ સુખ, શાંતિ અને સમૃધ્ધિ આપવા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા સત્ય ગીતાજ્ઞાન અને રાજયોગ શિક્ષણ આપી રહ્યા છે તો જનજનના માનસપટલને સત્યજ્ઞાનથી પ્રકાશિત કરી, આત્માને પરમાત્માભિમુખ બનાવવા પ્લોટ નં. ૨૮, સર્વોદયનગર સોસાયટી, ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન, સે-૩૦ ગાંધીનગર ખાતે તા. ૧૩ થી ૩૦ એપ્રિલ દરમિયાન રોજ રાત્રે ૮ થી ૯ નિઃશુલ્ક રાજયોગ શિબિર સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે. આ શિબિરમાં નાતજાત અને ધર્મના કોઈ પણ બાધ વગર તમામ ભાઈ બહેનોને સપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

આત્મન અભિવ્યકિત ત્રિદિવસીય બાળશિબિર ૧૮મીથી આરંભાશે

ગાંધીનગર, તા.૧૨

પ્રતિ વર્ષ આત્મન ફાઉન્ડેશન દ્વારા વેકેશનના સમયમાં બાળકો મનગમતી પ્રવૃત્તઓ સાથે જ્ઞાન-ગમ્મત મેળવી શકે તે હેતુથી તદ્દન ખુલ્લા કુદરતી વાતાવરણમાં બાળશિબિરનું આયોજન કરવામાં આવે છે આ વર્ષે વેકેશન દરમિયાન આગામી તા. ૧૮, ૧૯, ૨૦ એપ્રિલ ૨૦૧૫ (શનિ, રવિ, સોમ) ના રોજ ત્રણ દિવસની બાળ અભિવ્યકિત શિબિર યોજાનાર છે. શિબિરનો સમય સવારના ૯-૦૦ થી સાંજના ૬-૦૦ સુધીનો રહેશે. ધોરણ-૧થી ૯નાં વિદ્યાર્થીઓ બાળકો આ શિબિરમાં ભાગ લઈ શકશે. શિબિરનું સ્થળ શ્રી જવાહરલાલ નહેરુ સરકારી વનૌષધિ ઉદ્યાન, સરકીટ હાઉસ પાછળ, સે-૧૯ બસ સ્ટેન્ડ પાસે ગાંધીનગર રહેશે.

આ બાળ શિબિરમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપતી વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે બ્રિધિંગ એકસરસાઈઝ, બાળગીત, સંગીત, ચિત્રકામ-કાફટ, નાટક-અભિનય, નૃત્ય, રમતગમત, વિજ્ઞાનના જાદુના પ્રયોગો, વાર્તા વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

શિબિરમાં ભાગ લેવા માંગતા બાળકો-વાલીઓએ નીચેના સરનામેથી ફોર્મ મેળવી તા. ૧૬-૪-૨૦૧૫ સુધીમાં ભરવાના રહશે. બાળકો વેકેશનનો સમય પોતાની ગમતી પ્રવૃત્તિઓમાં હળવાશ સાથે, વિવિધ રચનાત્મક બાબતોમાં, સહજીવનના પાઠ શીખીને માણી શકે તે હેતુથી આ શિબિર યોજવામાં આવે છે.

ફોર્મ મેળવવાના સ્થળ નીચે મુજબ છે. (૧) સુધાબેન શુકલ, ૯/૪૯ પરિમલ એપાર્ટમેન્ટ સે-૯ મો. ૯૮૭૯૨૭૯૫૨૯ (૨) તુષાર દવે, પ્લોટ નં. ૨૪૨/૨, સે-૩-એ ન્યુ. મો. ૯૨૭૫૧ ૫૩૮૦૪ (૩)યોગેશભાઈ વ્યાસ, લાડલી બ્યુટી કલેકશન-ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર-સે-૨૧ (૪) સંજય થોરાત, પ્લોટ નં. ૬૩૫/૨, મંગલમૂર્તિ પાર્ક પાસે, સે-૮-બી મો. ૯૯૨૪૦૫૭૦૪૯ (૫) વિક્રમ જાની, પ્લોટ નં. ૪૭૨/૨, સે-૪-બી, ખ રોડ મો. ૯૭૨૭૭ ૨૦૬૮૬ (૬) જયશ્રી આર. ખેતિયા, પ્લોટ નં. ૮૫૦, સોમેશ્વર સોસાયટી, સે-૨૭ મો. ૯૩૭૪૮૦૫૯૪૮ (૭) સી.એલ. મહેતા પ્લોટ નં. ૧૧૩/૨, સે-૨-એ મો. ૯૪૨૭૫ ૨૨૭૩૩

સાદરા ખાતે ખાનપુર બાવીશી તપોધન બ્રાહ્મણ સમાજનો સમુહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ખાનપુર બાવીશી તપોધન બ્રાહ્મણ સમાજનો નવમો સમૂહ લગ્નોત્સવ અને બટુકોની યજ્ઞોપવિત સંસ્કાર વિધિ યોજાશે. જેમાં અગિયાર યુગલો પ્રભુતામાં પગલા પાડશે અને સોળ બટુકોની યજ્ઞોપવિત વિધિ યોજાશે.

સાબરમતીને કિનારે આવેલ સાદરા ખાતે શ્રી જક્ષણીમાતાજીના ધામમાં ખાનપુર બાવીશી તપોધન બ્રાહ્મણ સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે. જેમાં અગિયાર યુગલો પ્રભુતામાં ડગ માંડી નવ દંપતિ બની જીવનનો પ્રારંભ કરશે. ૨૧ એપ્રિલ અખાત્રીજના શુભ દિવસે જિલ્લાના સાદરા ખાતે જક્ષણીમાતાજીના મંદિરે અન્નપૂર્ણા કેન્દ્ર ખાતે સમારોહ યોજાશે. સવારે ૭.૦૦ વાગે ગણેશ સ્થાપન, ૭.૧૫ વાગે ગ્રહશાંતિ, સવારે ૧૦.૩૦ કલાકે યજ્ઞોપવિત સંસ્કાર, ૧૦.૩૫ વાગે બટુકયાત્રા, બપોરે ૧૨.૦૦ વાગે હસ્તમેળાપ અને સાંજે ૫.૧૫ કલાકે કન્યા વિદાય આપવામાં આવશે. તેમજ સોળ બટુકોની યજ્ઞોપવિત સંસ્કાર વિધિ કરવામાં આવશે.

કાયદાકીય જાગૃતિને કારણે પણ સ્ત્રીઓને ખ્યાલ છે કે પરિણિત સ્ત્રીને પોતાના પતિના ઘરમાં રહેવાનો અધિકાર છે

આપણે સ્ત્રીઓ સંદર્ભમાં વિવિધ કાયદા વિષયક જોગવાઈઓ સંદર્ભે વાત કરી રહયા છીએ. લગ્ન જીવન સંદર્ભે અનેક પ્રકારના કેસોની આપણે વિગતવાર ચર્ચા કરી છે. હાલમાં કેટલા કેસોમાં એવું જોવા મળે છે કે પરિણિત સ્ત્રીના લગ્નજીવનમાં કોઈપણ પ્રશ્ન ઉભો થાય ત્યારે એક સમયે તે એક એવું પણ નક્કી કરે છે કે 'મારે તો પતિના ઘરમાં જ રહેવું છે.'

સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો, ૨૦૦૫ અસ્તિત્વમાં આવતા સ્ત્રીઓની રક્ષણાત્મક જોગવાઈમાં પણ વધારો થયો છે. ખાસ કરીને આશ્રય બાબતમાં વિશેષ જોગવાઈ અસ્તિત્વમાં આવી છે. કાયદાકીય જાગૃતિ ને કારણે પણ સ્ત્રીઓને ખ્યાલ છે કે પરિણિત સ્ત્રીને પોતાના પતિના ઘરમાં રહેવાનો અધિકાર છે. એ વાત સાચી કે, પરિણિત પોતાના પતિના ઘરમાં રહેવાનો અધિકાર છે જ. પરંતુ શું બધા પતિ આ બાબતને માન્યતા આપી શકે છે?

કોઈ દિકરીના ગામમાં જ લગ્ન થયા હોય અને તેણી પોતે પતિ સાથે રહેવા જાય અને પતિ સ્વીકૃતિ ન આપે તો પોતાના ગામમાં જ રહીને કુટુંબ અને સગાની મદદથી કે પોલીસની મદદથી રક્ષણ મેળવવું સહેલું છે. પરંતુ દૂરસુદૂર કોઈ અંતરિયાળ ગામમાં દિકરી પતિ પાસે પહોંચે અને પતિ પક્ષના ઘરમાં જ પ્રવેશ ન કરવા દેતો?

રસીલાનો એક દિવસ ફોન આવે છે. રસીલા પોતાના પિતાના ઘરે પ્રસંગમાં દસ-બાર દિવસથી આવી છે. રસીલા જણાવે છે કે પિતાના ઘરે પ્રસંગમાં પતિ આવવાના હતા પરંતુ આવ્યા નહીં. રસીલાની નાની દિકરો એ પતિ પાસે છે. દિકરાને શાળા અને પરીક્ષા હોય પતિએ એવું કહેલ કે રસીલા પ્રસંગમાં અઠવાડિયું વહેલી પહોંચી જાય અને પ્રસંગમાં પતિ રમેશ પુત્રને લઈને પહોંચી જશે. રસીલા ખૂબ આનંદથી પિતાના ઘરે પ્રસંગમાં આવી હતી. રસીલાનો પતિ રમેશ પ્રસંગમાં નહીં આવતા રસીલાને આંચકો લાગ્યો. પહેલા તો રમેશ કે તેના ઘરનાએ ફોન પણ ઉપાડયો નહીં. છેવટે રસીલાનો તેના સાસુ સાથે ટેલિફોનીક સંપર્ક થયો ત્યારે સાસુએ ઉડાઉ જવાબ આપી દીધો.રસીલા અને તેના પિતા મૂંઝવણમાં મૂકાયા. હવે શું કરવું ? રસીલાનો દિકરો પણ નાનો છે. રસીલાને દિકરા વગર ગમતું નથી. આ બધી મૂંઝવણ વચ્ચે બે-ત્રણ દિવસ પસાર થઈ ગયા. ત્યારબાદ પતિ રમેશનો ફોન ઘ્વારા સંપર્ક તો થઈ શકયો પરંતુ રમેશે સ્પષ્ટ જણાવ્યું કે 'રમેશ છુટાછેડા લેવા માંગે છે. રમેશ કોઈ દિવસ દિકરાનો કબજો રસીલાને કોઈ દિવસ આપશે નહીં, રમેશ કોઈ ભરણપોષણની કોઈ રકમ પણ આપશે નહીં.'

રમેશે કરેલી વાતચીત ઉપરથી રસીલાને ખ્યાલ આવ્યો કે રસીલા સાથે છેતરપીંડી થઈ હતી. રસીલા જયારે સાસરે હતી ત્યારે પણ પતિ પક્ષ તરફથી વારંવાર છૂટાછેડા બાબતે કહેવામાં આવતું. રસીલા આ બાબતને ખૂબ ગંભીરતાથી લેતી નહીં. રસીલાને એમ હતું કે દિવસો જતા અને દિકરો મોટો થતા લગ્નજીવન ગોઠવાઈ જશે. રસીલાને આ પ્રમાણે છેતરપીંડીથી પિયર મોકલી આપવામાં આવે. અત્રે ખાસ ઉલ્લેખ કરીશ કે અનેક દિકરીઓને છેતરપીંડીથી આવી રીતે પિયર મોકલી આપવામાં આવે છે. પતિ પક્ષ એવું માનતો હોય છે કે કોર્ટમાં તેઓ સાબિત કરી દેશે કે પતિએ પત્નિને કાઢી મૂકી નથી પરંતુ પત્નિ સ્વેચ્છાએ આનંદપૂર્વક પિયર ગઈ છે. પતિ પક્ષ એવું પણ માનતો હોય છે કે આવું કહેવાથી તેઓની કાયદાકીય જવાબદારીમાંથી છટકબારી મળી શકશે. આપણે અગાઉના અંકોમાં પતિ પત્નિ વચ્ચેની લગ્નવિષયક તકરારમાં ભરણપોષણની જોગવાઈ અંગે વિગતવાર અભ્યાસ કર્યો છે. ક્રિમીનલ પ્રોસીઝરની જોગવાઈ મુજબ પત્નિ પણ પોતાને છેતરપીંડીથી ઘરબહાર મોકલી દીધી છે તેવું જણાવી શકે છે. કોઈ વ્યકિત છેતરપીંડીથી ઘર બહાર મોકલી દે અને પછીથી કાયદાનો લાભ ઉઠાવવા માંગે પરંતુ કાયદામાં તેવું ચાલી શકે નહીં. ખાસ કરીને 'ત્યાગ કર્યો છે.' એ શબ્દો મહત્વના છે. ખેર! આપણે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૨૫ની અહીં ચર્ચા કરવી નથી. પરંતુ રસીલાના કેસમાં આગળ જોઈએ તો,

રસીલાને તો રમેશ ઘરે પાછા ફરવાની ના પાડી દે છે. રસીલા આજના યુગની શિક્ષિત સ્ત્રી છે. તેણી મનોમન વિચારે છે કે રમેશ ભલે ના પાડે રસીલા પોતે જાતે સાસરી પક્ષમાં પહોંચી જશે. રસીલાનું આ સંદર્ભે જ મારી ઉપર ફોન આવે છે. રસીલાની વિગતવાર જાણતા મનમાં ઉંડે શંકા થઈ કે રસીલા તો તેણીના સાસરીના ઘરે જશે. પરંતુ સાસરી પક્ષના બીજી તો કોઈ છેતરપીંડી નહીં કરે ને? રસીલા જો રૂબરૂ મળે તો તેણી કાયદાકીય જોગવાઈઓ થોડી ઘણી સમજીને પોતાની મેળે સાસરે જાય તો કદાચ વાંધો ન આવે ખાસ કરીને જે તે શહેરના સામાજિક કાર્યકર કે કાઉન્સેલીંગ સેન્ટર વગેરેના પણ ફોન નંબર,સરનામા બધું સાથે હોય તો મુશ્કેલીના સમયમાં કામમાં આવે. રસીલા કોઈપણ કારણસર રૂબરૂ મળવા ન આવી શકી અને પોતાના મનમાં આવેલી ધૂન મુજબ પોતાના પતિના ઘરે જવા હવાઈ મુસાફરી કરીને પહોંચી ગઈ.

રસીલા એરપોર્ટ પર તો ઉતરી પરંતુ હવે મનમાં સંશય ઉભો થવા લાગ્યો. રસીલા ખૂબ હિંમતવાળી સીધી પોતાના ઘરે પહોંચી જે ઘરે આજથી છ વર્ષ પહેલા રમેશ તેણીને સંપૂર્ણ સામાજિક સાથે ધામધૂમથી લગ્ન કરીને લઈ આવ્યો હતો તે ઘરે પહોંચી. રસીલાના જીવનના મધૂર સંસ્મરણો એ ઘરની ચાર દિવાલ વચ્ચે સચવાયેલા પડયા છે. રસીલાએ તો એરપોર્ટ ઉપરથી જ રમેશને ફોન કરી દીધો હતો કે તેણી રમેશને ચાહે છે અને રમેશ સાથે જ રહેવા માંગે છે તેથી પરત ઘરે આવી ગઈ છે. રસીલા પોતાના દિકરાને મળવા માટે પણ વ્યાકૂળ છે. આમ જોવો તો રસીલાએ આટલી બધી હિંમત પોતાના દિકરાને મળવા માટે જ એકઠી કરી હતી.

રસીલા ઘરે પહોંચે છે. ઘરને મોટું તાળુ લાગેલું છે. આમ તો બપોરના સમયે ખરેખર રમેશને જમવા આવવાનો સમય છે અને સાસુ બપોરે બહાર જતા નથી તો પછી ઘરને તાળુ કેમ? રમેશને વારંવાર ફોન જોડવા કોશીષ કરે છે પરંતુ રમેશ ફોન ઉપાડતો નથી. રસીલા પોતે સાસરે હતી ત્યારે જે બહેનોના સંપર્કમાં કોઈવાર મંદિરે તો વળી કોઈ સામાજિક પ્રસંગમાં એવી બહેનોના નામ વિશે વિચારે છે. એમ થાય છે કે આમાથી કોઈ બહેનને ફોન કરું? વળી પાછુ એમ થાય કે તે લોકોને ફોન કરીશ તો કેવું લાગશે? રસીલા છેવટે સરોજબેનનો સંપર્ક કરે છે. રસીલાને ખબર છે કે સરોજબેન પણ સંઘર્ષમાંથી બહાર આવેલા છે. ખૂબજ મૂંઝવણ સાથે સરોજબેનના ઘરે પહોંચી જાય છે. સરોજબેન રેડીમેઈન કપડા વેચવાનું કામ કરે છે, બ્યૂટીકેરનું પણ કામ કરે છે અને તેણીને એમ થાય છે કે રસીલા કોઈ કામ સબબ આવેલ છે.

રસીલા સરોજબેનને પોતાની વિગતવાર જણાવે છે. જો રસીલા કોઈ એકલી હોટલમાં જાય તો પણ પ્રશ્ન ઉભા થાય. રસીલાના માતાપિતા તેણીની ચિંતામાં રસીલાના ગામ તરફ આવવા નિકળી ગયા છે. રસીલા ખૂબ ચિંતામાં છે, ઘરેથી નિકળી ત્યારથી જમી નથી અને આ બધી બાબતને લઈને તેણી અચાનક બેભાન થઈ જાય છે. સરોજબેન ડોકટરને બોલાવે છે. રસીલા દવાખાનામાં દાખલ થાય છે અને રસીલાના પતિને ફોન થાય છે. શું રસીલાનો પતિ આવે છે? રસીલાના જીવનમાં શું બન્યું તે જાણવા મળીએ આવતા અંકે...